વિષય : ગુજરાતી　　　　ધોરણ : 7　　　　સત્ર:1

# એકમ કસોટી

## 7. જીવનપાથેય　　　　જવાબવહી

**પ્રશ્ન:1 નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.　　　　[ 8 ]**

**(1) લેખકના પિતાશ્રી પૂણે શા માટે જાય છે ?**

**ઉત્તર:** લેખકના પિતાશ્રી સાંગલી રાજયના ટ્રેઝરી ઑફિસર હતા. તેઓ સાંગલી રાજ્યના ટ્રેઝરી ઑફિસર તરીકે ત્રણેક લાખ રૂપિયા પૂણે લઈ જવાના હતા. જેમાંથી પૂણેથી રાજ્ય માટે પ્રૉમિસરી નોટો ખરીદવાની હતી.

**(2) કાકાસાહેબના પિતાશ્રી શરૂઆતમાં એમને કૉલેજમાં મોકલવા કેમ ઇચ્છતા ન હતા ? એમનો વિચાર શાથી બદલાયો ?**

**ઉત્તર:** કાકાસાહેબના અન્ય ભાઈઓની અંગ્રેજી કેળવણી માટે પિતાજીએ ખાસ્સો ખર્ચ કર્યો હતો. છતાં તેમની ઉમેદ બર નહોતી આવી. જયારે કાકાસાહેબે પણ કૉલેજમાં જવાનો પ્રસ્તાવ પિતાજી સમક્ષ મૂક્યો ત્યારે પિતાજીએ ના પાડી. પરંતુ, લેખક જયારે મેટ્રિકમાં પાસ થયા અને યુનિવર્સિટી સ્કૂલ ફાઈનલમાં પણ સારા નંબરે પાસ થયા ત્યારે પિતાજીએ વિચાર બદલ્યો.

**(3) લેખકને સાચી કેળવણી ક્યારે મળી ?**

**ઉત્તર:** લેખકના મનમાં લાંચ લઈ પૈસાદાર થવાની ઇચ્છા હતી. જયારે તેમના પિતા સાંગલી રાજય માટે પ્રૉમિસરી નોટો ખરીદવા પૂણે જતા હતા ત્યારે તેમણે પિતાને આ પ્રૉમિસરી નોટો સસ્તા ભાવે ખરીદી, બજાર ભાવે રાજયને આપવાની સલાહ આપી. દીકરાની સલાહથી પિતાને ખૂબ જ દુ:ખ થયું. તેમણે લેખકને ખૂબ ઠપકો આપ્યો. જે આપણો અન્નદાતા હોય તેને ક્યારેય છેતરાય નહીં તેવી સલાહ આપી. પિતાજીની સલાહ સાચી હતી તે લેખકને સમજાયું. આમ લેખકને સાંગલી અને પૂણે વચ્ચે ટ્રેનમાં સાચી કેળવણી મળી.

**(4) કાકાસાહેબનો વકીલને બદલે એન્જિનિયર થવાનો હેતુ શો હતો ?**

**ઉત્તર:** કાકાસાહેબ માનતા હતા કે,વકીલ થવામાં લાંચ લેવી પડે તથા પ્રજાને હેરાન કરવી પડે - એવું બને. જ્યારે એન્જિનિયર થવામાં લાંચ બારોબાર મળે છે. જેમાં સરકાર છેતરાય છે. પ્રજાને સીધી છેતરતા નથી. વળી અધર્મમાં પણ ધર્મબુદ્ધિ

સાચવવાનું ગૌરવ લઈ શકાય. આમ કાકાસાહેબનો વકીલને બદલે એન્જિનિયર થવાનો મુખ્ય હેતુ આ હતો.

**પ્રશ્ન:2 નીચે આપેલા શબ્દોની જોડણી સુધારીને ફરીથી લખો.** **[ 4 ]**

(1) ધરમબુધ્ધી - **ધર્મબુદ્ધિ**

(2) વિચારસુખલા - **વિચારશૃંખલા**

(3) નિસ્ચય - **નિશ્ચય**

(4) પીતાક્ષી - **પિતાશ્રી**

**પ્રશ્ન:3 નીચે આપેલા શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવીને લખો.** **[ 4 ]**

વકીલ, એન્જિનિયર, કેળવણી, ઉપકાર

| | | | |
|---|---|---|---|
| **એન્જિનિયર** | **ઉપકાર** | **કેળવણી** | **વકીલ** |

**પ્રશ્ન:4 નીચે આપેલા રૂઢિપ્રયોગોના અર્થ આપી તેનો વાક્યપ્રયોગ કરો.** **[ 4 ]**

(1) ઉમેદ બર ન આવવી - **આશા સફળ ન થવી.**

વાક્ય: **પુત્ર ડોકટર ન થતાં મહેશભાઈની ઉમેદ બર ન થઈ.**

(2) એકના બે ન થવું - **પોતાની વાત પર મક્કમ રહેવું.**

વાક્ય: **રાહુલને પ્રવાસે જવાની ના પાડી છતાં તે એક નો બે ન થયો.**